| | | | |
|---|---|---|---|
| રજુ તારીખ : | 13 | 10 | 2025 |
| ફેસલ તારીખ : | 08 | 07 | 2026 |
| સમયગાળો : | દિવસ | માસ | વર્ષ |
| | 25 | 08 | 00 |

सत्यमेव जयते

---

**માણાવદરનાં મ્હે.જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ.માણાવદર**

---

**ક્રિમીનલ કેસ નં.૬૨૦/૨૦૨૫**

**આંક :–**

**<u>ફરીયાદી</u>** શ્રી સરકાર

માણાવદર પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૨૦૩૦૩૭૨૫૦૨૯૮/૨૦૨૫

**.. વિરુઘ્ધ ..**

**<u>આરોપી</u>**

ગૌતમભાઈ અશોકભાઈ કાબા, ઉ.વ.૩૬
રહે.જુના વણકરવાસ, ખડીયા ગામ

---

ગુનો:બી.એન.એસ.ની કલમ–૧૧૫(૨),૧૧૭(૨) તથા જી.પી.એકટની કલમ–૧૩૫

---

ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી એસ.એચ.પરમાર
આરોપીઓ તરફે વિ.વકીલશ્રી એસ.કે.પંડયા

---

## –: <u>ચુ કા દો</u> :–

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૧૭–૭–૨૦૨૫ ના રોજ કલાક ૧૬/૩૦ વાગ્યે માણાવદર તાલુકાના ખડીયા ગામે સીમ વિસ્તારમાં આ કામના આરોપી ફરીયાદીના ખેતરના રસ્તેથી નીકળેલ અને રસ્તાના મેઈન ગેઈટ ઉપર માલ ઢોર માટે લોખંડના તાર બાંધેલા હોય જે તાર ખુલ્લા રાખી દેતા આ કામના ફરીયાદી એ આરોપીને કહેલ કે તાર બાંધીને ખેતરમાં જજો નહીતર રસ્તામાંથી ઢોર ખેતરમાં આવશે તેમ કહેતા આરોપી એકદમ ઉશ્કેરાઈ જઈ નજીકમાં પડેલ લાકડુ લઈ ફરીયાદીને ડાબા

હાથમાં મારી દઈ ફરીયાદીને ડાબા હાથમાં ફ્રેકચર જેવી ગંભીર ઈજા કરી જીલ્લા મેજી.શ્રી ના હથીયારબંધી જાહેરનામાનો ભંગ કરી,બી.એન.એસ.ની કલમ–૧૧૫(૨), ૧૧૭(૨) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો ગુનો કરેલાનો આરોપી વિરૂધ્ધ આક્ષેપ છે જે આધારે ગુના લગત પોલીસ સ્ટેશનમાં એફ.આઈ.આર. નોંધવામાં આવેલ.

(૨) આરોપીને સમન્સ કરતાં તેઓ કોર્ટ સમક્ષ હાજર થયેલા. આરોપીને પોલીસ પેપર્સની તમામ નકલો ભારતીય નાગરિક સુરક્ષા સહિંતાની કલમ– ૨૩૦ મુજબ વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ અને સદર ગુન્હા સબબ આંક–૭ થી આરોપી સામે તહોમતનામુ ફરમાવી, આંક–૮ થી આરોપીની પ્લી લેવામાં આવતા આરોપીએ ગુન્હાની કબુલાતનો ઈન્કાર કરેલ છે અને કેસ આગળ ચલાવવાની માંગણી કરેલ છે, જેથી હાલનો કેસ ફરીયાદ પક્ષના પુરાવા ઉપર આવેલ છે.

(૩) આ કામે ફરીયાદ પક્ષ તરફે નીચે મુજબ પુરાવો નોંધવામાં આવેલ છે.

મૌખિક પુરાવો

| આંક | વિગત |
|---|---|
| ૯ | ફરીયાદી અશોકભાઈ રામજીભાઈ કાબાની જુબાની |

દસ્તાવેજી પુરાવો

| આંક | વિગત |
|---|---|
| ૧૦ | ફરીયાદ |
| ૧૧ | બનાવવાળી જગ્યાનું પંચનામુ |
| ૧૨ | અટક તથા મુદામાલ કબજે કર્યાનુ પંચનામુ |
| ૧૩–૧૪ | મેડીકલ સર્ટીફીકેટ |
| ૧૫ | હથીયારબંધીના જાહેરનામાની નકલ |

(૪) આ કામે ફરીયાદપક્ષ તરફે ઉપર મુજબના પુરાવા રજુ થયા બાદ ફરીયાદી ધ્વારા આંક–૧૬ થી કલોઝર પુરસીસ રજુ રાખી, તેઓ આ કામે વિશેષ કોઈ પુરાવા રજુ રાખવા માંગતા ન હોવાનુ જાહેર કરેલ છે.ત્યારબાદ રજુ થયેલ પુરાવા સંદર્ભે આરોપીનુ

ભારતીય નાગરિક સુરક્ષા સહિંતાની કલમ–૩૫૧ મુજબ વિશેષ નિવેદન નોંઘવુ જરૂરી જણાતુ ન હોય, આરોપીનુ વિશેષ નિવેદન નોંઘવામાં આવેલ નથી.

(૫) ત્યારબાદ ફરીયાદપક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રી તેમજ આરોપીના વિધ્વાન વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળી.

(૬) ઉપરોકત હકીકતે આ કેસનાં નિર્ણય માટે નીચે મુજબના મુદૃા ઉપસ્થિત થાય છે.

૧ : શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા.૧૭–૭–૨૦૨૫ ના રોજ કલાક ૧૬/૩૦ વાગ્યે માણાવદર તાલુકાના ખડીયા ગામે સીમ વિસ્તારમાં આ કામના આરોપી ફરીયાદીના ખેતરના રસ્તેથી નીકળેલ અને રસ્તાના મેઈન ગેઈટ ઉપર માલ ઢોર માટે લોખંડના તાર બાંધેલા હોય જે તાર ખુલ્લા રાખી દેતા આ કામના ફરીયાદી એ આરોપીને કહેલ કે તાર બાંધીને ખેતરમાં જજો નહીતર રસ્તામાંથી ઢોર ખેતરમાં આવશે તેમ કહેતા આરોપી એકદમ ઉશ્કેરાઈ જઈ નજીકમાં પડેલ લાકડુ લઈ ફરીયાદી ને ડાબા હાથમાં મારી દઈ ફરીયાદીને ડાબા હાથમાં ફ્રેકચર જેવી ગંભીર ઈજા કરી જીલ્લા મેજી.શ્રી ના હથીયારબંધી જાહેરનામાનો ભંગ કરી, બી.એન.એસ.ની કલમ–૧૧૫(૨), ૧૧૭(૨) તથા જી.પી.એકટ ની કલમ–૧૩૫ મુજબનો ગુન્હો કરેલ છે?

૨ : શું હુકમ ?

(૭) ઉપરોકત મુદૃા પરત્વેના મારા નિર્ણય અને તેના કારણો નીચે મુજબ છે.

૧ : નકારમાં

૨ : આખરી હુકમ મુજબ.

**–:: નિર્ણય અંગેના કારણો ::–**

**મુદૃા નં.૧ :–**

(૮) આરોપી વિરૂઘ્ધના તહોમત અનુસંઘાને ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવા ઘ્યાને લેવામાં આવે અને તેનું મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદપક્ષ તરફે આ

કામના મુળ ફરીયાદી અશોકભાઈ રામજીભાઈ કાબા આંક–૯ થી એવો પુરાવો આપેલ છે કે, આજથી આશરે એકાદ વર્ષ પહેલા સાંજના સમયે તેઓ ખડીયા ગામની સીમમાં તેમના ખેતરે હતા અને તેમના ખેતરથી બીજા ત્રણ ખેતરનો રસ્તો નીકળે છે જેમાં આ કામના આરોપી ગૌતમનુ ખેતર પણ આવેલ છે તે ત્યાં રસ્તેથી નીકળેલ અને રસ્તાનો મેઈન ગેઈટ ઉપર લોખંડનો તાર બાંધેલ હોય તે તાર ખુલ્લો મુકી દેતા તેઓએ તેને સમજાવેલ કે તુ આ તાર બાંધીને પછી તારા ખેતરમાં જજે નહીતર રસ્તામાંથી ઢોર તેમના ખેતરમાં ઘુસી જાય છે તેમ સમજાવતા તાર બાંધવા બાબતે આરોપી સાથે તેમને સામાન્ય બોલાચાલી થયેલ, બોલાચાલી દરમ્યાન પડી જવાથી તેમને શરીરે ઈજાઓ થયેલ, આરોપી સાથે તાર બાંધવા બાબતે બોલાચાલી થયેલ હોય તેઓએ ફરીયાદ આપેલ તેમ જણાવી અસલ ફરીયાદમાં તેઓની સહી ઓળખી આંક–૧૦ થી રજુ રાખેલ છે.આમ, આ ગુન્હાના મુળ ફરીયાદી પોતાની ફરીયાદ કરતા તદ્દન વિસંગત હકીકતોવાળી જુબાની આપતા હોય, પ્રોસીકયુશન તરફે તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરી,ઉલટતપાસ કરવા છતાં ફરીયાદી ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપતા નથી.

જયારે આરોપીઓ તરફેની ઉલટતપાસમાં ફરીયાદીએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓ પડી જવાથી તેમને ઈજા થયેલ, પોલીસે માત્ર તેમનુ નામઠામ પુછેલ અને તેણે લખી લીધેલ , તેમને સહી કરવાનુ કહેતા તેઓએ તેમાં સહી કરી આપેલ, તે શુ લખેલ હતુ તે તેઓએ વાંચેલ નહી, તેમને વાંચી સંભળાવેલ નહી, કોઈ ઈસમના હાથમાં કોઈ હથીયાર હતુ નહી.

(૯) આમ, ઉપરોકત રજુ થયેલ પુરાવો જોતા ફરીયાદી કે જેઓ કહેવાતા બનાવમાં ઈજા પામનાર ભોગ બનનાર સાહેદ છે, તેઓ આરોપી સાથે તેમને સામાન્ય બોલાચાલી થયેલ હોવાનું જણાવે છે તેમજ બોલાચાલી દરમ્યાન પડી જવાથી શરીરે ઈજાઓ થયેલ હોવાનું જણાવેલ છે. ફરીયાદીને આરોપીએ કોઈ હથીયાર વડે માર મારેલ હોય તેવું બનેલ નહીં હોવાનું જણાવે છે.

(૧૦) આ કામે આંક–૧૧ થી સ્થાનિક જગ્યાનું પંચનામુ, આંક–૧૨ થી અટક તથા મુદામાલ કબજે કર્યાનુ પંચનામું તથા આંક–૧૩–૧૪ થી ફરીયાદીનુ મેડીકલ સર્ટીફીકેટ તથા આંક–૧૫ થી હથીયારબંધીના જાહેરનામાની નકલ આરોપીના વિ.વ.શ્રીની સંમતિ થી આંકે પાડવામાં આવેલ છે પરંતુ બનાવ સમયે આરોપીએ ફરીયાદીને હથીયાર વડે માર મારી ઈજા પહોંચાડેલ હોય તેવી કોઈ જ હકીકત ભોગ બનનાર ફરીયાદી અદાલત સમક્ષના સોગંદ ઉપરના મૌખિક પુરાવામાં જણાવતા ન હોય તેમજ ફરીયાદી પડી જવાથી ઈજા થયેલ હોવાનું જણાવતા હોય, સદર દસ્તાવેજો ફરીયાદપક્ષને મદદરૂપ નિવડતા નથી.

(૧૧) આમ, ખુદ ભોગ બનનાર ફરીયાદીના પુરાવા આધારે ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો મળી આવેલ નથી ત્યારે વિશેષ સાહેદો તપાસવાથી પણ ફરીયાદપક્ષના કેસમાં સમર્થનકારી કોઈ જ પુરાવો મળી આવવાની કોઈ જ શકયતા ન હોય, ફરીયાદી તરફે રજુ થયેલ આંક–૧૬ ની કલોઝર પુરસીસ તથા એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતી આધારે ફરીયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે. આમ, રેકર્ડ ઉપરની હકીકતો અને પુરાવો લક્ષમાં લેતા ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધનો કેસ નિ:શંકપણે પુરવાર કરી શકેલ ન હોય, આરોપી વિરૂધ્ધના ફરીયાદ મુજબના મુદા નં.૧ ના આક્ષેપો પુરવાર થતા ન હોય, મુદા નં.૧ નો નિર્ણય નકારમાં આપી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## **:: <u>આખરી હુકમ</u> ::**

૧) આ કામના આરોપી ગૌતમભાઈ અશોકભાઈ કાબા, રહે.જુના વણકરવાસ, ખડીયા ગામને હાલના બી.એન.એસ. ની કલમ–૧૧૫(૨), ૧૧૭(૨) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી ભારતીય નાગરીક સુરક્ષા સહીતાની કલમ–૨૭૧(૧) મુજબ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે કબજે લેવામાં આવેલ મુદામાલનો અપીલ સમય બાદ નાશ કરવો.

(૩) આ કામના આરોપીએ અપીલ પીરીયડ સુધી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૧ મુજબ રૂા.૫,૦૦૦/–(અંકે રૂપિયા પાંચ હજાર પુરા)ના સધ્ધર જામીન તેમજ તેટલી જ રકમના જાતમુચરકા રજૂ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ : ૮મી, માહે : જુલાઈ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

માણાવદર
તા.૦૮/૦૭/૨૦૨૬

(ભરત રામચંદ લખવાણી)
જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
માણાવદર
કોડ નં. જીજે૦૧૭૧૧